# બેંક સાથે રૂ. ૧.૧૮ કરોડની છેતરપીંડી કરનાર ત્રણેય આરોપી સેન્ટ્રલ જેલ હવાલે

## બેંક ઓફ મહારાષ્ટ્રની સે.૨૧ શાખામાંથી લોન લઈ ત્રણ જણાએ મળીને છેતરપીંડી કરી હતી

ગાંધીનગર, તા.૧૦

બેંક ઓફ મહારાષ્ટ્રની ગાંધીનગર શહેરમાં સ્થિત સે-૨૧ ની શાખામાંથી અમદાવાદના બે શખ્સોએ વિવિધ મશીનો લાવવા માટે લોનની માંગણી કરી ૧૪ મશીનો લાવવા રૂ.૧.૧૮ કરોડની લોન લઇ લીધી હતી. મશીનોના બિલો બતાવી દેવાયા હતા પરંતુ ત્યાર બાદ બેંક અધિકારીઓ દ્વારા તપાસ કરતા આવા કોઈ મશીનો લાવ્યા જ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક સાથે રૂ. ૧.૧૮ કરોડનું ચીટીંગ કરી નાંખનાર આરોપીઓ તથા મશીન સપ્લાયર મળીને ત્રણ જણા સામે બેંક મેનેજરે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ત્રણેયની ધરપકડ કરી લીધી હતી. આરોપીઓની પૂછપરછ માટે કોર્ટે બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. આ રીમાન્ડ પુરા થતા આજે કોર્ટમાં રજુ કરી ત્રણેય આરોપીઓને સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર સે-૨૧ ખાતે સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્ર શાખામે સિલાઈ સહિતના વિવિધ મશીનો ખરીદવા માટે અમદાવાદના નિકોલ ખાતે રહેતા જીગ્નેશ કાનજી બાવીસી અને બાપુનગર રહેતા મલ્કેશ આર રામીંગા બંને વેપારીઓએ મળીને લોન અરજી કરી હતી. ૧૪ મશીનો લાવવા માટે જીગ્નેશને ૫૫ લાખ અને મલ્કેશને ૬૩ લાખ મળીને બેન્કે કુલ રૂ.૧.૧૮ કરોડની લોન મંજુર કરી આપી હતી. તે અંતર્ગત બંને વેપારીઓએ મશીન સપ્લાયર નિકોલના પ્રવીણ સાવલીયાના નામના મશીનના બિલો પણ બેંકમાં રજુ કર્યા હતા. બેંક અધિકારીઓ દ્વારા આકસ્મિક ચેકિંગ કરતા દર્શાવેલા સ્થળે આવા કોઈ મશીન જ મુકાયા ન હોવાનું ઉપરાંત કોઈ મશીનની ખરીદી પણ કરાઈ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક મેનેજર પી.બી.જાદવ દ્વારા સે-૨૧ પોલીસ મથકમાં ત્રણેય સામે ફરિયાદ આપવામાં આવી હતી. જેને આધારે પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. રીમાન્ડ પુરા થતા ત્રણેય આરોપીઓને સે-૨૧ પોલીસ સેન્ટ્રલ જેલ હવાલે મૂકી આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

વાતાવરણમાં પરિવર્તનનો ગાળો ચાલી રહ્યો છે. લાંબો સમય ચાલેલા આકરા ઉનાળા બાદ ધીમે ધીમે વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. આકાશમાં ક્યારેક ક્યારેક વાદળો ઘેરાઈ આવે છે. પવનની ગતિ વધી છે. જો કે હજુ વરસાદ શરૂ ન થતાં અસહ્ય ઉકળાટ અનુભવાય છે. નગરજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.



(તસવીર - કશ્યપ નિમાવત)

'ક' કેળવણીનો 'ક' - શિક્ષણનો પ્રારંભ કરતા બાળકોને નિહાળવા એક લ્હાવો છે...

# અકસ્માત સર્જીને ૪ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારનાર ડમ્પર ચાલક ઝડપાયો

## લોડીંગ રીક્ષા અને કપચી ભરેલા ડમ્પર ધડાકાભેર સામસામે અથડાયા હતા

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર નજીકના દહેગામ હાઈવે પરથી કપચી ભરેલું ડમ્પર બેફામ ગતિએ પસાર થઈ રહ્યું હતું ત્યારે અમદાવાદ થી દહેગામ તરફ જઈ રહેલી લોડીંગ રીક્ષાને રાયપુર બ્રીજ પાસે ડમ્પરે આગળથી ધડાકા સાથે ટક્કર મારતા રીક્ષામાં બેસેલા ચારેય વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજયા હતા. માતેલા સાંઢની માફક યમરાજ બનીને આવેલા ડમ્પરને ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો દાખલ કરીને આજે બપોરે તેને પકડી પાડી ધરપકડ કરી લેવામાં આવી છે.

અમદાવાદમાં રહેતા બટાકાના વેપારી ૩૫ વર્ષીય અમિતકુમાર સિંધી તેમના માણસોને લઈને લોડીગ રીક્ષામાં બટાકા લેવા અમદાવાદથી દહેગામ જઈ રહ્યા હતા તે દરમિયાન દહેગામ તરફથી આવી રહેલા કપચી ભરેલા ડમ્પર સાથે તેમની રીક્ષા ધડાકાભેર અથડાઈ હતી. સામસામે ટક્કર લાગતા રીક્ષાનો ફુરચો થઈ ગયો હતો. રીક્ષામાં ચગદાઈ ગયેલા શેઠ અમિતકુમાર સિંધીનો પણ મૃતદેહ બહાર કાઢ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા તે ત્રણેયનું પણ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ૪૦ વર્ષીય વરદારામ ઉકાજી રાંગી, ૩૫ વર્ષીય -વિણજી ધનાજી ઠાકોર અને ૩૫ વર્ષીય ધનરાજ સંતરામદાસ સાધવાની તથા શેઠ અમિતકુમાર મળીને લોડીગ રીક્ષામાં સવાર ચારેય વ્યક્તિઓના કરુણ મૃત્યુ નીપજયા હતા. અકસ્માત બાદ ડમ્પર મુકીને ઘટનાસ્થળેથી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આજે આ ફરાર થઈ ગયેલા ૩૫ વર્ષીય ડ્રાઈવર મંગળ બાલાભાઈ ઝાલાની ડભોડા પોલીસે ધરપકડ કરી લીધી છે.

# ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત કૃષિરથે ૯૪ ગામોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૬મી મે, ૨૦૧૪થી કૃષિ મહોત્સવનો આરંભ થયો હતો. તા. ૧ જૂન, ૨૦૧૪ સુધીમાં કૃષિ રથ જિલ્લાની ૯૪ તાલુકા પંચાયત સીટમાં ફર્યો છે. કૃષિ મહોત્સવ અંતર્ગત અત્યાર સુધીમાં ૬૭૬૦ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ વિવિધ ગામોમાં પશુ આરોગ્ય મેળા યોજીને ૩,૬૧,૦ ટકા પશુઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા ૧૪૫૦૯ ખેડૂતોને કૃષિ સંલગ્ન માહિતી આપવામાં આવી છે.

કૃષિ મહોત્સવ થકી ગુજરાતના ખેડૂતોને કૃષિ સંલગ્ન સરકારની વિવિધ યોજના અને કૃષિ ક્ષેત્રે થયેલા વિવિધ સંશોધનની માહિતી મળી રહે છે. ગાંધીનગર જિલ્લામાં ૧૫ દિવસ સુધી યોજાનાર કૃષિ મહોત્સવના કાર્યક્રમ અંતર્ગત વિવિધ ગામોમાં ફરનાર કૃષિ રથોનું પ્રસ્થાન ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીભાઈ પટેલના હસ્તે તા. ૨૫મી મે, ૨૦૧૪ના રોજ રાંધેજા ગામ ખાતે કરવામાં આવ્યું હતું. દહેગામના ૨૩, ગાંધીનગરના ૨૮, કલોલના ૨૩ અને માણસાના ૨૦ ગામનો સમાવેશ થાય છે.

૯૪ તાલુકા પંચાયતની સીટમાં સમાવિષ્ટ વિવિધ ગામોના ખેડૂતોને કૃષિ મહોત્સવ થકી કૃષિ, પશુપાલન અને બાગાયતની કુલ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.



ગુજરાતનું મહાપર્વ, પ્રવેશોત્સવ - પાટનગરની પાદરે કુડાસણ ગામે શાળાપ્રવેશોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે... ગામની પ્રાથમિક શાળા સ્માર્ટ સ્કૂલ બનવા જઈ રહી છે... કોઈપણ બાળકને પણ ભણવા આવવાનું મન થઈ જાય એવો આકર્ષક માહોલ તૈયાર કરાઈ રહ્યો છે... શાળામાં વૉક-વે, એમપી-થિયેટર, રંગમંચ અને વિવિધ આકર્ષક શૈલીમાં ડિઝાઈન કરાઈને શાળાનું વાતાવરણ ઉલ્લાસમય બનાવાઈ રહ્યું છે...

# રાજ્યમાં ૨૦ જૂનથી નબળુ ચોમાસુ સક્રીય થવાના યોગો : જુલાઈ-ઓગષ્ટમાં સારા વરસાદની શક્યતા : અંબારામની આગાહી

ગાંધીનગર, તા. ૧૦

જૂન મહિનાના દસ દિવસો પસાર થવા છતાં ચોમાસાના એંધાણ વર્તાતા નથી અને અતિશય ગરમી અને ભારે ઉકળાટના કારણે નગરજનો ત્રસ્ત છે ત્યારે નગરના જાણીતા જ્યોતિષી અંબાલાલ પટેલે નબળુ ચોમાસુ સક્રીય થવાના યોગો સાથે જુલાઈ માસમાં સારો વરસાદ થવાના યોગો જણાવ્યા છે.

હવામાનમાં અલનીનોની અસર ધારણા કરતા વહેલી જોવા મળેલ છે અને હવામાનમાં ભારે ઉથલપાથલ મચાવનાર અલનીનો એક ચિંતાનો વિષય બની રહેલ છે. વળી, મે મધ્ય પછી જૂનના આજ દિન સુધી ભારે ગરમી પડી રહી છે. આ ગરમીના કારણે વાદળો બંધાતા નથી. વળી ચોમાસાની પેટર્ન નબળી પડતા બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં હવાના દબાણની રચના નબળી પડી છે. જેથી ચોમાસુ સ્થગિત થઈ ગયું છે. ૮ જૂનથી સૂર્ય નિરપણ મૃગશર નક્ષત્રમાં આવેલ છે, મૃષ શિર્ષ નક્ષત્ર બેસતાં હિન્દ મહાસાગરમાં સમયવાહી (વર્ષાઋતુ)ની પવનની નિશાનીઓ બદલાય છે અને દરિયાન પવનોના લીધે ભૂભાગ ઉપર પણ પવન ફુંકાય છે. સૂર્ય માર્ગમાં અસર કરનાર બુધ, શુક્ર ગ્રહની અસરો જોતા તેમજ અન્ય ભૂભૌગોલિક પરિબળો જોતા આંચકાનો પવન ફુંકાશે અને આગામી દિવસોમાં વાદળો બંધાય. દક્ષિણ-પૂર્વ મહાસાગર ઉપર પણ આસામ બંગાળ તરફ વરસાદની સ્થિતિ જોવા મળશે અને પશ્ચિમ મહાસાગરમાં પણ બદલાવ આવે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામિણ વિદ્યાર્થીનીઓએ ફ્રી પાસ માટે લાઈનમાં ઉભા રહેવું નહીં પડે

## એસ.ટી. ડેપો દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી

ગાંધીનગર, તા.૧૦

જિલ્લાની ગ્રામિણ વિદ્યાર્થીનીઓને એસ.ટી.માં ફ્રી પાસ મેળવવા લાઈનમાં ઉભા રહેવું પડે તે માટે એસ.ટી.ડેપો દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં શાળા કક્ષાએથી પાસનું ફોર્મ ભરીને ડેપોને સુપ્રત કરવામાં આવશે તેવા કિસ્સામાં બીજા જ દિવસે શાળામાં પાસ મોકલી દેવાશે. જેના પરિણામે વિદ્યાર્થીનીઓએ લાઈનમાં ઉભા રહેવું પડશે નહીં.

એસ.ટી. નિગમ દ્વારા વિદ્યાર્થીઓને કન્સેશન પાસ આપવામાં આવે છે જે અન્વયે ૮૨ ટકાથી વધુ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે જયારે કન્યા કેળવણી અંતર્ગત એસ.ટી. દ્વારા ગ્રામિણ વિદ્યાર્થીઓને શાળાથી ઘર સુધીની મુસાફરીની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. પરંતુ શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીનીઓએ પાસ કઢાવવા લાંબો સમય લાઈનમાં ઉભા રહેવાનો વારો આવે છે. જિલ્લાની ગ્રામિણ વિદ્યાર્થીનીઓએ પાસ માટે લાઈનમાં ન ઉભા રહેવું પડે તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ડેપો મેનેજર યોગેશ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગ્રામિણ વિદ્યાર્થીનીઓએ પાસ મેળવવા સમય ન બગાડવો પડે તે માટે તેઓની શાળામાંથી ફ્રી પાસના ફોર્મ ભરીને ડેપોમાં સુપ્રત કરી દેવામાં આવશે તો બીજા જ દિવસે વિદ્યાર્થીનીઓને તેમના ફ્રી પાસ શાળામાં ઉપલબ્ધ થઈ શકશે. જયારે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને પણ ઝડપથી પાસ ઉપલબ્ધ થાય તે માટે જરુરી આયોજન કરી દેવાયું છે.

# ગાંધીનગરથી રાજ્યોના પાટનગરોને રેલ સેવાથી જોડવા માંગ

## શહેર વિકાસ પરિષદ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી રેલવે સેવા બાબતની પડતર માંગણીઓ પુરી કરવા વિનંતી : ગાંધીનગર-અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટ પુરો કરી અપડાઉન કરતા ૨ લાખ વિદ્યાર્થીઓને ન્યાય આપો : નવો પશ્ચિમ-દક્ષિણ રેલવે ઝોન બનાવો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર વિકાસ પરિષદ દ્વારા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીને ભારતના પ્રધાનમંત્રી થવા બદલ અભિનંદન પાઠવતો એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં ગાંધીનગરની જનતા વતી શહેર વિકાસ પરિષદ દ્વારા પાટનગરના રેલવે સ્ટેશનને થયેલો અન્યાય દૂર કરવા અને ગ્રેડ 'એ'માં સમાવેશ કરી દેશના દરેક રાજ્યોના પાટનગર સાથે રેલવે જોડવા માંગ કરી છે. આ ઉપરાંત રેલવેનો નવો પશ્ચિમ દક્ષિણ રેલવે ઝોન બનાવી તેનું બડુમથક ગુજરાતના કોઈ એક શહેરમાં રાખવા પણ રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યને ૧૯૬૦થી પશ્ચિમ રેલવે દ્વારા સતત અન્યાય થયો હોવાના હવાલા સાથે શહેર વિકાસ પરિષદે ગુજરાતમાં ૭૦ ટકા રેલવે ટ્રેક, ગુડ્સ ટ્રાફિક અને ગુજરાતી પ્રવાસીઓ હોવા છતાં અન્ય રાજ્યોની સરખામણીમાં નવી રેલવે લાઈન, ગેજ પરિવર્તન અને રાજ્યના પાટનગર ગાંધીનગરને 'એ' ગ્રેડ રેલવે સ્ટેશન વગેરે બાબતે ભેદભાવભર્યુ વલણ દાખવવામાં આવ્યું છે. આ ઉપરાંત બાજપાઈ સરકાર વખતે ઉત્તર પશ્ચિમ રેલવે ઝોન બનાવી તેનું વડુમથક જયપુર ખાતે રાખવામાં આવ્યું હતું તેમ એક નવો રેલવે ઝોન પશ્ચિમ દક્ષિણ રેલવે ઝોન બનાવી તેનું વડુમતક વડાપ્રધાન પસંદ કરે તો ગુજરાતના શહેરને બનાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. દેશમાં ગુજરાત અને સિક્કિમ સિવાય દરેક પાટનગરને દેશના અન્ય દરેક રાજ્યોના પાટનગર સાથે જોડતી સીધી રેલવે સેવા મળી છે. તેવી રીતે ગાંધીનગરને પણ આ સેવા મળવી જોઈએ તેવી માંગણી કરાઈ છે.

દેશના વડાપ્રધાન પદે હવે જ્યારે નરેન્દ્ર મોદી બિરાજમાન છે ત્યારે ગાંધીનગરના રેલવે સ્ટેશનનો 'એ' ગ્રેડમાં સમાવેશ કરી વધુ ચાર પ્લેટફોર્મ બનાવી ટ્રેનના ૨૧ ડબ્બાનો સમાવેશ થાય તે રીતે વિકાસ કરવો જોઈએ. તે માટે વાવોલ તરફની જમીનનું સંપાદન કરી રેલવે મંત્રાલયને આપવી જોઈએ. તેમજ રાત્રી દરમ્યાન ટ્રેઈન રોકાઈ શકે તેવી સગવડ પણ ગાંધીનગર રેલવે સ્ટેશનને આપવી જોઈએ. બાજપાઈ સરકાર વખતે તે વખતના રેલવેમંત્રી નિતીષકુમારે અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશનનો વધુ વિકાસ શક્ય ન હોવાથી સાબરમતી રેલવે સ્ટેશન વિકસાવવાનું વચન આપ્યું હતું પરંતુ તે પુરૂ થયું નથી તે પરિપૂર્ણ કરવું જોઈએ તેવી પરિષદે માંગ કરી છે.

આ સાથે ગાંધીનગર-અમદાવાદ મેટ્રો રેલવે પ્રોજેક્ટને પણ હવે નરેન્દ્ર મોદીએ પૂર્ણ કરવો જોઈએ અને તે માટે જરૂરી ભંડોળ ફાળવી અમદાવાદથી ગાંધીનગર અપડાઉન કરતા બે લાખ જેટલા વિદ્યાર્થીઓને ન્યાય મળી શકે તે માટે મેટ્રો રેલવે પ્રોજેક્ટ પુરો થાય તે જરૂરી છે. ગાંધીનગરની જનતા હવે નરેન્દ્ર મોદી સમક્ષ આ વર્ષો જુની માંગણીઓ પુરી થાય તે માટે મીટ માંડીને બેઠી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. મિનાક્ષીબેન છોટાલાલ જાદવ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૯૫૮/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. રાજુભાઈ નારણભાઈ ભરવાડ(ઉ.વ.૨૪) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન અંબાલાલ રાવલ (ઉ.વ.૮૯) એચ-૩૦૪, કૃષ્ણકુંજ ફલેટ, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.૮૫) મુ.પો. સોનીપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. માધુભાઈ મોતીભાઈ સોલંકી(ઉ.વ.૯૫) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. સજનબા લાલસિંહ રાણા (ઉ.વ.૭૦) મુ.પો. ધરમપુર (ભુંડીયા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જનકબેન કલ્પેશજી રાણા (ઉ.વ.૩૬) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.